ક્રમાંક/ક-૭/બોર્ડ/૨૦૨૬/૬૩૧
જિલ્લાશિક્ષણાધિકારીની કચેરી,
અનાવિલ ભવનની સામે,
કારેલીબાગ,વડોદરા
તા. ૦૩/૦૮/૨૦૨૬
૪

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક શાળાઓ તમામ,( ગુજરાત બોર્ડ)
જિ.વડોદરા.

વિષય :- ધો.૧૦માં વિષયવાર અઠવાડિક તાસ ફાળવણી બાબત.
સંદર્ભ :- ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ,ગાંધીનગરના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૬/૨૫૮૮-૨૬૨૩ તા.૨૭/૦૭/૨૦૨૬

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, **NEP-2020** તથા **NCF-2023** તથા SCFSE ની ભલામણો અનુસાર શૈક્ષણિક વર્ષ.૨૦૨૬-૨૭થી ધો.૧૦માં ત્રિ-ભાષાના સુત્રના અમલીકરણ અન્વયે વોકેશનલ વિષયને ત્રીજી ભાષાના વિકલ્પમાં રાખવાના બદલે ૮ માં વિષય તરીકે સમાવેશ કરવામાં આવેલ છે.

સદર બાબતે શૈક્ષણિક વર્ષ.૨૦૨૬-૨૭ થી ધો.૧૦માં વોકેશનલ શિક્ષણનો વિષય ચાલતો હોય તેવી શાળાઓ માટે આઠ વિષયની અઠવાડિક તાસ ફાળવણી અને જે શાળાઓમાં વોકેશનલ શિક્ષણનો વિષય ન ચાલતો હોય તેવી શાળાઓમાં ધો.૧૦માં ૭ વિષયોની અઠવાડિક તાસ ફાળવણી કરવા આથી જણાવવામાં આવે છે.

બિડાણ : સંદર્ભદર્શિત પત્ર.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

પ્રા. શિ. અ. કચેરી, વડોદરા.
પત્રની નોંધણી નંબર 3280
તારીખ 27/7/26
સહી
કચેરીની સહી

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2026/2588-2623
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.27/07/2026

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- ધોરણ-10માં વિષયવાર અઠવાડિક તાસ ફાળવણી બાબત
સંદર્ભ:- (1) અત્રેની કચેરીનો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/2026/2221-2256, તા.20/06/2026
(2) બોર્ડની તા.17/07/2026 ના રોજ મળેલ શૈક્ષણિક સમિતિના ઠરાવ ક્રમાંક:13/2026

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે NEP-2020 તથા NCF-2023 તથા SCFSEની ભલામણો અનુસાર શૈક્ષણિક વર્ષ 2026-27 થી ધોરણ-10માં ત્રિ-ભાષાના સૂત્રના અમલીકરણ અન્વયે વોકેશનલ વિષયને ત્રીજી ભાષાના વિકલ્પમાં રાખવાને બદલે 8મા વિષય તરીકે સમાવેશ કરવામાં આવેલ છે. જે અંગે અત્રેના સંદર્ભ-1 દર્શિત પત્રથી તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને જાણ કરવામાં આવેલ છે.

સદર બાબતે શૈક્ષણિક વર્ષ 2026-27 થી ધોરણ-10માં વોકેશનલ શિક્ષણનો વિષય ચાલતો હોય તેવી શાળાઓ માટે આઠ વિષયની અઠવાડિક તાસ ફાળવણી અને જે શાળાઓમાં વોકેશનલ શિક્ષણનો વિષય ન ચાલતો હોય તેવી શાળાઓમાં ધોરણ-10માં 7 વિષયોની અઠવાડિક તાસ ફાળવણી ની વિગતો સંદર્ભ-2 થી શૈક્ષણિક સમિતિમાં મંજૂર કરવામાં આવેલ છે. જે અઠવાડિક તાસ ફાળવણી ની વિગતો નીચે મુજબ છે.

1. <u>સામાન્ય શાળાઓ માટે વિષયવાર અઠવાડિક તાસ ફાળવણી :-</u>

| ક્રમ | વિષય | વોકેશનલ વિષય વગર | વોકેશનલ વિષય સાથે |
|---|---|---|---|
| 1. | પ્રથમ ભાષા (જે માધ્યમની શાળા હોય તે ભાષા)<br>- ગુજરાતી/હિન્દી/અંગ્રેજી/મરાઠી/ઉર્દૂ/સિંધી/તમિલ/તેલુગુ/ઉડિયા | 06 | 06 |
| 2. | દ્વિતીય ભાષા<br>- અંગ્રેજી (અંગ્રેજી માધ્યમ સિવાયની શાળાઓ માટે)<br>- ગુજરાતી (ગુજરાતી માધ્યમ સિવાયની શાળાઓ માટે) | 07 | 06 |
| 3. | તૃતીય ભાષા<br>- હિન્દી/સંસ્કૃત/ફારસી/અરબી/સિંધી/ઉર્દૂ | 06 | 05 |
| 4. | ગણિત (બેઝિક/સ્ટાન્ડર્ડ) | 07 | 07 |
| 5. | વિજ્ઞાન | 07 | 07 |
| 6. | સામાજિક વિજ્ઞાન | 06 | 06 |
| 7. | યોગ સ્વા.શા.શિ/ચિત્ર/કમ્પ્યુટર/સંગીત વગેરે જૂથ-૨ના વિષયો | 05 | 04 |
| 8. | વોકેશનલ શિક્ષણનો વિષય | 00 | 03 |
| 9. | શાળાના વડાએ ગોઠવવાનો તાસ | 01 | 01 |
| | કુલ તાસની સંખ્યા | 45 | 45 |

નોંધ:- શાળાના વડા સ્થાનિક પરિસ્થિતિ અન્વયે વિવેકબુદ્ધિ અનુસાર શિક્ષક તથા વિષયના કાર્યભારને ધ્યાનમાં રાખીને તાસ ફાળવણી કરી શકશે.

D:\Rakesh Dabhi\Mittalben\શૈક્ષણિક સમિતિ 17.07.26\Letter Deo Taas Falvani.docx

2. ઉત્તર બુનિયાદી શાળાઓ માટે વિષયવાર અઠવાડિક તાસ ફાળવણી

| ક્રમ | વિષય | વોકેશનલ વિષય વગર | વોકેશનલ વિષય સાથે |
|---|---|---|---|
| 1. | પ્રથમ ભાષા (જે માધ્યમની શાળા હોય તે ભાષા)<br>- ગુજરાતી/હિન્દી/અંગ્રેજી/મરાઠી/ઉર્દૂ/સિંધી/તમિલ/તેલુગુ/ઉડિયા | 06 | 06 |
| 2. | દ્વિતીય ભાષા<br>- અંગ્રેજી (અંગ્રેજી માધ્યમ સિવાયની શાળાઓ માટે)<br>- ગુજરાતી (ગુજરાતી માધ્યમ સિવાયની શાળાઓ માટે) | 07 | 06 |
| 3. | તૃતીય ભાષા<br>- હિન્દી/સંસ્કૃત/ફારસી/અરબી/સિંધી/ઉર્દૂ | 06 | 05 |
| 4. | ગણિત (બેઝિક/સ્ટાન્ડર્ડ) | 07 | 07 |
| 5. | વિજ્ઞાન | 07 | 07 |
| 6. | સામાજિક વિજ્ઞાન | 06 | 06 |
| 7. | કૃષિ વિદ્યા/પશુપાલન અને ડેરી વિજ્ઞાન/ગૃહ વિજ્ઞાન | 05 | 04 |
| 8. | વોકેશનલ શિક્ષણનો વિષય | 00 | 03 |
| 9. | શાળાના વડાએ ગોઠવવાનો તાસ | 01 | 01 |
| | કુલ તાસની સંખ્યા | 45 | 45 |

નોંધ:- શાળાના વડા સ્થાનિક પરિસ્થિતિ અન્વયે વિવેકબુદ્ધિ અનુસાર શિક્ષક તથા વિષયના કાર્યભારને ધ્યાનમાં રાખીને તાસ ફાળવણી કરી શકશે.

ઉપરોક્ત દર્શાવેલ વિષયવાર અઠવાડિક તાસની ફાળવણી NEP-2020, NCF-2023 તથા SCFSE અન્વયે ધોરણ-10માં નવું વિષય માળખું અમલમાં આવે ત્યાં સુધી અમલમાં રહેશે. ઉક્ત વિષયવાર અઠવાડિક તાસ ફાળવણીની વિગતો આપના તાબા હેઠળની તમામ માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારૂ મોકલી આપશો.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના:-
- માન.અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- નાયબ અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર